રાજ્યનું ધોરણ-૧૨ સાયન્સનું ૭૨ ટકા પરિણામ

પરીક્ષામાં સફળ થયેલા રાજ્યના તમામ વિદ્યાર્થીઓને ઉજ્જવળ કારકિર્દી માટે શુભેચ્છાઓ : જીતુભાઈ વાઘાણી

ગાંધીનગર, તા. ૧૨ માર્ચ-૨૦૨૨માં યોજાયેલી ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ તેમજ ગુજકેટ એપ્રિલ-૨૦૨૨ની પરીક્ષાનું પરિણામ આજે શિક્ષણમંત્રી જીતુભાઈ વાઘાણીના હસ્તે ગાંધીનગર ખાતેથી જાહેર કરવામાં આવ્યું હતું.

શિક્ષણમંત્રી વાઘાણીએ કહ્યું હતું કે આ વર્ષે ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનું કુલ ૭૨.૦૨ ટકા પરિણામ જાહેર થયું છે. આ પૈકી વિદ્યાર્થિનીઓનું ૭૨.૦૫ ટકા જયારે વિદ્યાર્થીઓનું ૭૨ ટકા પરિણામ આવ્યું છે. આ પ્રસંગે ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહ અને ગુજકેટની પરીક્ષામાં ઉતિર્ણ થનાર રાજ્યના તમામ વિદ્યાર્થીઓને સફળ કારકિર્દી માટે શુભેચ્છાઓ પાઠવું છું.

મંત્રીએ કહ્યું હતું કે ગત વર્ષે કોરોના મહામારીને કારણે વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવામાં આવ્યું હતુ. ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા માટે વિદ્યાર્થીઓની સાથે સાથે તેમના માતા-પિતા અને શિક્ષકો પણ ખૂબ મહેનત કરતાં હોય છે. આ સર્વેની સંયુકત મહેનત-પરીશ્રમના ભાગરૂપે વિદ્યાર્થીઓને સફળતા પ્રાપ્ત થતી હોય છે. ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા જીવનની એકમાત્ર અને છેલ્લી પરીક્ષા નથી હતી. તેમાં અસફળ વિદ્યાર્થીઓ પણ જીવનના અન્ય અનેક ક્ષેત્રોમાં ખૂબ મોટી સફળતા પ્રાપ્ત કરીને ઉજ્જવળ કારકિર્દી બનાવી હોય એવા અનેક હકારાત્મક ઉદાહરણ આપણી વચ્ચે છે તેમ જણાવી અનઉતિર્ણ વિદ્યાર્થીઓ અને તેમના માતા-પિતાને હતાશ થયા વિના ફરીથી મહેનત કરીને સફળતા મેળવવા મંત્રીએ આ પ્રસંગે અનુરોધ કર્યો હતો.

મંત્રીએ પરિણામની વિગતો આપતાં કહ્યું હતુ કે ૧૦૦ ટકા સીસીટીવી કવરેજ સાથે બોર્ડની

પરીક્ષાઓ લેનાર ગુજરાત ભારતનું પ્રથમ રાજ્ય બન્યું છે. માર્ચ-૨૦૨૨ વિજ્ઞાન પ્રવાહની જાહેર પરીક્ષામાં કુલ ૧૪૦ કેન્દ્રો ઉપર ૧,૦૭,૬૬૩ પરીક્ષાર્થી નોંધાયા હતાં. તેપૈકી ૧,૦૬,૩૪૭ પરીક્ષાર્થી ઉપસ્થિત રહ્યાં હતાં. જેમાં નિયમિત વિદ્યાર્થીઓ ૯૫,૭૧૫ હતા જેમાંથી ૯૫,૩૬૧એ પરીક્ષા આપી હતી. તેપૈકી કુલ ૬૮,૬૮૧ પરીક્ષાર્થીઓ પ્રમાણપત્ર મેળવવાને પાત્ર બન્યાં છે.

મંત્રીએ જણાવ્યું હતું કે રાજ્યમાં સૌથી વધુ ૮૫.૭૮ ટકા પરિણામ સાથે રાજકોટ જિલ્લો પ્રથમ, જ્યારે સૌથી ઓછું ૪૦.૧૯ ટકા પરિણામ દાહોદ જિલ્લામાં આવ્યું છે. રાજ્યમાં સૌથી વધુ ૯૬.૧૨ ટકા સાથે લાઠી કેન્દ્ર પ્રથમ તેમજ સૌથી ઓછું ૩૩.૩૩ ટકા પરિણામ લીમખેડા કેન્દ્રમાં આવ્યું છે. રાજ્યમાં ૧૦૦ ટકા પરિણામ ધરાવતી ૬૪ શાળાઓ જ્યારે ૧૦ ટકા કરતાં ઓછું પરિણામ ધરાવતી ૬૧ શાળાઓનો સમાવેશ થાય છે. છે એ-૧ ગ્રેડ સાથે ૧૯૬ વિદ્યાર્થીઓ જયારે એ-૨ ગ્રેડ સાથે ૩,૩૦૩ વિદ્યાર્થીઓ પ્રમાણપત્ર મેળવવાને પાત્ર થયા છે.

આ ઉપરાંત અંગ્રેજી માધ્યમનું ૭૨.૫૭ ટકા જ્યારે ગુજરાતી માધ્યમનું ૭૨.૦૪ ટકા પરિણામ આવ્યું છે તેમ મંત્રીએ ઉમેર્યું હતું.

મંત્રી વાઘાણીએ ગુજકેટ-૨૦૨૨ પરીક્ષાની વિગતો આપતાં જણાવ્યું હતું કે ૯૯ થી વધુ પર્સન્ટાઈલ સાથે એ-ગ્રુપમાં ૩૮૫ અને બી - ગ્રુપમાં ૬૮૪ વિદ્યાર્થીઓ જ્યારે ૯૮થી વધુ પર્સન્ટાઈલ સાથે એ-ગ્રુપમાં ૭૮૪ અને બી - ગ્રુપમાં ૧,૩૨૮ વિદ્યાર્થીઓ નોંધાયા છે.

પરિણામના મહત્વના અંશો

- ૧૦૦ ટકા સીસીટીવી કવરેજ સાથે ૧૪૦ કેન્દ્રો પર બોર્ડની પરીક્ષા લેનાર ગુજરાત ભારતનું પ્રથમ રાજ્ય
- ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનું ૭૨.૦૨ ટકા પરિણામ
- વિજ્ઞાન પ્રવાહમાં રાજ્યના કુલ ૬૮,૬૮૧ વિદ્યાર્થીઓ પ્રમાણપત્રને પાત્ર
- રાજ્યમાં સૌથી વધુ ૮૫.૭૮ ટકા પરિણામ સાથે રાજકોટ જિલ્લો પ્રથમ
- રાજ્યમાં સૌથી વધુ ૯૬.૧૨ ટકા સાથે લાઠી કેન્દ્ર પ્રથમ
- ૧૦૦ ટકા પરિણામ ધરાવતી ૬૪ શાળાઓ
- વિદ્યાર્થિનીઓનું ૭૨.૦૫ ટકા જયારે વિદ્યાર્થીઓનું ૭૨ ટકા પરિણામ
- ગુજકેટ-૨૦૨૨ પરીક્ષામાં ૯૯થી વધુ પર્સન્ટાઈલ સાથે એ ગ્રુપમાં ૩૮૫ અને બી ગ્રુપમાં ૬૮૪ વિદ્યાર્થીઓનો સમાવેશ

રાજ્યમાં કોરોનાના નવા ૨૮ કેસ : ૨૩ દર્દી સાજા થયા

રાજ્યમાં રસીના આજે કુલ ૩૨,૪૩૨ ડોઝ અપાયા

ગાંધીનગર, તા.૧૨ કોરોનાના આંકડા ગુજરાતમાં ઉતાર ચઢાવ જોવા મળી રહ્યો છે. નિષ્ણાંતો દ્વારા વ્યક્ત કરાયેલી ભીતિ કે જુન-જુલાઇમાં કોરોનાની વધારે એક લહેર આવી શકે છે સાચી ઠરશે કે શું તેવા સવાલો થઇ રહ્યા છે. રાજ્યમાં આજે કોરોનાના નવા ૨૮ કેસ નોંધાયા છે. બીજી તરફ ૨૩ દર્દીઓ સાજા પણ થયા છે. અત્યાર સુધીમાં કુલ ૧૨,૧૩,૪૯૦ નાગરિકો કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. જેના પગલે કોરોનાનો રિકવરી રેટ પણ સુધરીને ૯૯.૦૯ ટકાએ પહોંચી ચુક્યો છે. જો કો રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં રસીના આજે કુલ ૩૨,૪૩૨ ડોઝ અપાયા હતા.

જો એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં હાલ કુલ ૧૮૮ કેસ એક્ટિવ છે. જે પૈકી ૦૧ નાગરિકો વેન્ટિલેટર પર છે. ૧૮૭ નાગરિકો સ્ટેબલ છે. આ ઉપરાંત અત્યાર સુધીમાં ૧૨,૧૩,૪૯૦ નાગરિકો ડીસ્ચાર્જ થઇ ચુક્યાં છે. જો કે કોરોનાને કારણે અત્યાર સુધીમાં કુલ ૧૦,૯૪૪ નાગરિકોનાં મોત પણ થઇ ચુક્યાં છે. જો કે રાહતના સમાચાર કહી શકાય કે, આજે કોરોનાને કારણે એક પણ નાગરિકનું મોત નથી નિપજ્યું. નવા નોંધાયેલા કેસની વાત કરીએ તો અમદાવાદ કોર્પોરેશનમાં ૨૦, વડોદરા કોર્પોરેશન ૨, આણંદ, ગાંધીનગર કોર્પોરેશન, જામનગર, ખેડા અને મહેસાણામાં ૧-૧ કેસ નોંધાયા હતા. આ પ્રકારે કુલ ૨૮ કેસ નોંધાઇ નોંધાયા હતા.

બિમાર પિતાની પુત્રીના ડૉક્ટર બની સેવાના સપનાંથી મોદી ભાવુક થયા

ભરુચમાં ઉત્કર્ષ સમારોહ યોજવામાં આવ્યો : ઉત્કર્ષ સમારોહમાં સરકારની જુદી જુદી યોજનાઓના લાભાર્થી સાથે પીએમ મોદીએ સીધો સંવાદ સાધ્યો

ભરુચ, તા.૧૨ આજે ભરૂચ અને અંકલેશ્વર ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશનના ઉપક્રમે દૂધધારા ડેરી ગ્રાઉન્ડ, ભોલાવ ખાતે ઉત્કર્ષ સમારોહ યોજવામાં આવ્યો હતો. જેમાં સરકારની જુદી જુદી યોજનાઓના લાભાર્થી સાથે પીએ મોદીએ સીધો સંવાદ સાધ્યો હતો. મહત્વનું છે કે આ કાર્યક્રમ દરમિયાન જુદી જુદી યોજનાના લાભાર્થી ૧૦૦ જેટલી વિધવા બહેનો-માતાઓએ પીએમ મોદી માટે ખાસ વિશાળ રાખડી તૈયાર કરી હતી. આ બહેનો અને માતાઓએ પીએમ મોદીને ભાઈ અને દીકરા તરીકે તેમને આ રાખડી અર્પિત કરી હતી અને પીએમ મોદીના ક્ષેમકુશળતાની પ્રાર્થના કરી હતી. આ ઉપરાંત વૃદ્ધ સહાય યોજનાથી લાભાન્વીત અયુબભાઈ ઈબ્રાહિમભાઈ પટેલ સાથે સીધા સંવાદ સાધવા દરમિયાન પીએમ મોદી ભાવુક થઈ ગયા હતા. જ્યારે તેમણે સાંભળ્યું કે અયુબભાઈની દીકરી પોતાના પિતાની આંખની બિમારી જોઈને ડોક્ટર બનાવા માગે છે અને જરુરિયાતમંદ લોકોની મદદ કરવા માગે છે ત્યારે બાપ-દીકરી અને ત્યાં ઉપસ્થિત અન્ય લોકો જ નહીં પરંતુ પીએમ મોદી પણ ખૂબ જ ભાવુક થઈ ગયા

હતા.

પોતાની દ્રષ્ટી જવા અંગે વાત કરતા લાભાર્થીએ કહ્યું હતું કે તેમને આંખમાં ગ્લુકોમા થઈ ગયો છે. તેમની સાથે પીએમ મોદીએ સંવાદ સાધતા તેમના પરિવારની ખબર અંતર પૂછ્યા હતા અને કાર્યક્રમમાં તેમની સાથે હાજર મોટી દીકરીએ જ્યારે કહ્યું કે પિતાની પ્રોબ્લેમને જોઈને પોતે ડોક્ટર બનવા માગે છે. આ સાંભળીને પીએમ મોદી પણ વાત કરતાં કરતાં અટકી ગયા અને તેમના ગળે ડૂમો ભરાઈ ગયો હતો.

રાજસ્થાનમાંથી ડ્રગ્સ ગુજરાતમાં ઘૂસાડતા અમદાવાદના માસ્ટર માઈન્ડની ધરપકડ

મહીસાગર, તા.૧૨ રાજેસ્થાનમાંથી ડ્રગ્સ ગુજરાતમાં ઘૂસાડતા અમદાવાદના માસ્ટર માઈન્ડ આરોપીને મહીસાગર લોકલ ક્રાઇમ બ્રાન્ચે - બાતમીના આધારે ઝડપી પાડવામાં આવ્યો છે.

ગુજરાત માં દરિયાઈ માર્ગો પરથી ડ્રગ્સ પોલીસે પર્દાફાશ કરી દરિયાઈ માર્ગો પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. હવે ડ્રગ્સનો કાળો કારોબારના માસ્ટર માઈન્ડ દ્વારા અલગ અલગ કીમિયા બનાવી ડ્રગ્સ ગુજરાતમાં ઘૂસાડાવવામાં આવી રહ્યું છે, પરંતુ ડ્રગ્સ ઘૂસાડવાનાના અલગ અલગ કીમિયા પોલીસે નિષ્ફળ બનાવ્યો છે. આરોપીઓને ઝડપી પાડવામાં પોલીસે આગે કૂચ કરી રહી છે. છેલ્લા ત્રણ દિવસ અગાઉથી મહીસાગર પોલીસને રાજસ્થાનથી એક અમદાવાદનો ઈસમ ડ્રગ્સ લઈને મહીસાગર જિલ્લા તરફ આવવાની મળેલી બાતમીના આધારે મહીસાગર જિલ્લા પોલીસે અલગ અલગ ટિમો બનાવી અલગ અલગ દિશામાં રાજેસ્થાન સરહદી વિસ્તારમાં વોચ ગોઠવવામાં આવી હતી.જેમાં ગત રોજ એક બોલેરો પીકઅપ ગાડી રાજેસ્થાન તરફથી આવતા ગાડીની મહીસાગર પોલીસે તપાસ હાથ ધરી હતી. જેમાં પહેલા રાજેસ્થાન બ્રાન્ડની ૪ વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. જેથી ગાડીમાં વધુ તપાસ કરતા ગાડીના પાછળના ભાગે ચેસીસમાં આગળ પથ્થર ફિટો ફિટ નાખીને અંદરની પાઈપમાં ડ્રગ્સ મૂકી હેરાફેરી કરતો હોવાનું સામે આવતા આરોપી સહીત ડ્રગ્સને પોલીસે કબ્જે કરી કોથંબા પોલીસ મથકે લાવવામાં આવ્યો હતો. જ્યાં પોલીસે એફ એસ એલની મદદથી ડ્રગ્સ હોવાનું સામે આવ્યું હતું.લુણાવાડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ તથા વાહન ચેકીંગ દરમિયાન વિરણીયા ચોકડી ખાતે એક શંકાસ્પદ પીકઅપ ડાલુ આવતા તેનો પીછો કરી લાડવેલ ચોકડી નજીક પકડી પાડેલ જે પીકઅપ ડાલામાં એક ઈસમ તેનુ નામ પુછતા જૈનુલ આબેદિન ઉર્ફે જાનુ અબ્દુલ જબ્બાર અંસારી (મકાન નં.૩/૪૭ ગાયત્રીનગર એપાર્ટમેન્ટ સુદરમનગર બાપુનગર) અમદાવાદ શહેરનો હોવાનુ જણાવ્યું હતું.

પેન્શન યોજના લાગુ કરવા માટે કર્મચારીઓ-સરકાર સામ સામે

ગાંધીનગર, તા.૧૨ ગુજરાતમાં જૂની પેન્શન યોજના લાગુ કરવાની માંગ સાથે હવે સરકારી કર્મચારીઓ લડી લેવાના મૂડમાં છે. ગાંધીનગરમાં હજારો કર્મચારીઓ જૂની પેન્શન યોજના ફરી લાગુ કરવા મુદ્દે ધરણા કરી રહ્યાં છે.

આ દરમિયાન સરકાર તરફથી એક મોટા સમાચાર સેમ આવ્યાં છે. ગુજરાતના નાણાપ્રધાન કનુ દેસાઈએ જૂની પેન્શન યોજના ફરી લાગુ કરવા અંગે નિવેદન આપ્યું છે. નાણાપ્રધાન કનુ દેસાઈએ કહ્યું કે રાજ્યમાં જૂની પેન્શન યોજના ફરી લાગુ કરવાની વાત કરવામાં નહિ આવે. નાણાપ્રધાનના આ નિવેદનથી સરકારનો વિચાર સ્પષ્ટ છે કે સરકાર જૂની પેન્શન યોજના લાગુ કરવાની દિશામાં સકારાત્મક અભિગમ નથી ધરાવી રહી.

રાજ્ય સરકારના વિવિધ વિભાગોના કર્મચારીઓએ સોમવારે જૂની પેન્શન સિસ્ટમ ફરીથી દાખલ કરવી, ફિક્સ પગાર પ્રથા નાબૂદ કરવી અને સાતમા પગાર પંચની ભલામણોનો અમલ કરવો સહિતની અનેક માંગણીઓને લઈને એક દિવસીય ધરણાં કર્યા હતા. ગુજરાત સ્ટેટ યુનાઈટેડ એમ્પ્લોઈઝ ફ્રન્ટ ના બેનર હેઠળ ગાંધીનગરમાં સત્યાગ્રહ છાવણી ખાતે લગભગ તમામ સરકારી વિભાગોના કર્મચારીઓએ વિરોધમાં ભાગ લીધો હતો. ગુજરાતમાં આ વર્ષના અંત સુધીમાં વિધાનસભાની ચૂંટણી યોજાવા જઈ રહી છે એ પહેલા જૂની પેન્શન યોજનાનો મુદ્દો ગુંજ્યો છે.

રાણપુરમાં ડુપ્લીકેટ નોટો સાથે ત્રણ ઈસમો પકડાયા

બોટાદ , તા.૧૨ પોલીસે બજારમાં ડુપ્લીકેટ નોટ ઘુસાડવાનુ ષડયંત્રનો પર્દાફાશ કર્યો હતો. રાણપુર તાલુકાના નાગનેશ ગામે રામજીમંદીરનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ દરમિયાન ખાણી પીણી સ્ટોલ ઉપર ચલણી નોટોની ડુપ્લીકેટ નોટો સાથે પોલીસે ત્રણ ઈસમોને ઝડપી પાડ્યા હતા. આરોપી પાસેથી કલર પ્રિન્ટર તેમજ ૫૦૦ અને ૧૦૦ ના દરની ડુપ્લીકેટ નોટો કબજે કરવામાં આવી હતી. બોટાદ જીલ્લાના રાણપુર તાલુકાના નાગનેશ ગામે મોટા રામજીમંદીરનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ચાલી રહ્યો હોઈ જેને લઈ મોટી સખ્યામાં ત્યાં લોકો આવતા હોઈ અને અહિયાં ખાણીપીણીના સ્ટોલ ઉભા કરવામાં આવ્યા હતા. રાણપુર પોલીસ પેટ્રોલીગમાં હતી અને બે યુવાનો ચલણી નોટો લઈને આવ્યા હતા. પોલીસને પહેલાથી જ મળેલી બાતમીના આધારે શંકાસ્પદ મળી આવ્યા હતા. બંને યુવાનોની પુછપરછ કરતા કુલ રૂ.૫૦૦/- ના દરની નવ નોટો તથા રૂ.૧૦૦/- ના દરની બે નોટો ભારતીય ચલણની એક સરખા સીરીયલ નંબરની ડુપ્લીકેટ નોટો મળી આવી હતી.

કંપની સમાચાર

ડેલ્હિવરી ટૂંક સમયમાં નફા સાથે વૃદ્ધિની વિશિષ્ટ સંભવિતતા ધરાવે છે : વેન્ચુરા સીક્યોરિટીઝ

ભારતમાં ઈ-કોમર્સ વૃદ્ધિ માટે પ્રોક્સી તરીકે ડેલ્હિવરીને ગણાવીને અગ્રણી બ્રોકરેજ કંપની વેન્ચુરા સીક્યોરિટીઝે એના રિપોર્ટમાં જણાવ્યું છે કે આ લોજિસ્ટિક્સ કંપની ટૂંક સમયમાં નફા સાથે વૃદ્ધિની વિશિષ્ટ સંભવિતતા ધરાવે છે.

ભારતીય લોજિસ્ટિક્સ બજારની ઊંચી અસંગઠિતતાને ધ્યાનમાં રાખીને રિપોર્ટમાં ઉમેરવામાં આવ્યું છે કે કુલ ૩૧૬ અબજ ડોલરનું બજાર ધરાવતા આવશ્યક વર્ટિકલમાં ડેલ્હિવરી સસ્ટેઈનેબ્લ બિઝનેસ લીડર તરીકે બહાર આવવાની વિશિષ્ટ પોઝિશન ધરાવે છે.

જ્યારે ભારત સરકાર તેની મહત્ત્વાકાંક્ષી પહેલ - પીએમ ગતિશક્તિ યોજના સહિત વિવિધ પગલાં લઈને માળખાગત સુવિધાથી સંચાલિત વૃદ્ધિ પર રોકાણ વધી રહી છે, ત્યારે કંપનીનો આઈપીઓ આવી રહ્યો છે.

વેન્ચુરા સીક્યોરિટીઝ કંપનીની કેટલીક ખાસિયતો જણાવી છે, જેમાં આ ખાસિયતો સામેલ છે - ડેલ્હિવરીની આવક ૫૬.૭ ટકાના સીએજીઆર પર વધશે અને નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ સુધીમાં રૂ. ૧૪૦૨૬ કરોડને આંબી જશે. લોજિસ્ટિક્સ સેવાઓનો સંકલિત પોર્ટફોલિયો ડેલ્હિવરીને એવી સેવાઓ પ્રદાન કરવાની સુવિધા આપે છે, જે એ હરિફ કંપનીઓ આપી શકતી નથી. લોજિસ્ટિક્સ ક્ષેત્રની અગ્રણી આ કંપનીનું મૂલ્યાંકન નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ના ઈવી/વેચાણના ૨.૪ ગણું છે.

જ્યારે બ્લડાર્ટ અને ટીસીઆઈ એક્સપ્રેસના સ્ટોકનું ટ્રેડિંગ તેમના નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ની આવકોના અનુક્રમે ૩.૧ ગણા અને ૪.૧ ગણા રેશિયા પર થઈ રહ્યું છે, ત્યારે આ મૂલ્યાંકન આકર્ષક ડેલ્હિવરીની આવકનો આધાર એક્સપ્રેસ પાર્સલ, સપ્લાય ચેઈન, પાર્ટ ટ્રક લોડ અને આંતરરાષ્ટ્રીય સેવાઓ જેવા મુખ્ય સેગમેન્ટમાં સારી રીતે વિવિધતાસભર છે, જે એની કુલ આવકમાં મોટો હિસ્સો ધરાવે છે. રિપોર્ટ જણાવે છે કે, અસંગઠિત ક્ષેત્રમાંથી સંગઠિત કંપનીઓ તરફ વળવું, ગ્રાહકના બદલાતા ટ્રેન્ડ અને નવા બજારોનો વિકાસ જેવા થોડા ટ્રેન્ડ ડેલ્હિવરીને મદદરૂપ થશે.

પારાદીપ ફોસ્ફેટ્સ લિમિટેડનો આઈપીઓ ૧૭મીએ ખુલશે

પારાદીપ ફોસ્ફટ્સ લિમિટેડ (''કંપની'')નો આઈપીઓ (''ઓફર'') ૧૭ મે, ૨૦૨૨ના રોજ ખુલશે. એન્કર રોકાણકાર બિડ/ઓફરનો ગાળો બિડ/ઓફર ખુલવાની તારીખના કામકાજ ચાલુ હોય એવા એક દિવસ અગાઉ એટલે કે ૧૩ મે, ૨૦૨૨ છે.

ઓફરની પ્રાઈસ બેન્ડ ઈક્વિટી શેરદીઠ રૂ. ૩૯થી રૂ. ૪૨ નક્કી થઈ છે. દરેક ઈક્વિટી શેરની ફેસ વેલ્યુ ૧૦ છે. બિડ લઘુતમ ૩૫૦ ઈક્વિટી શેર માટે અને પછી ૩૫૦ ઈક્વિટી શેરના ગુણાંકમાં થઈ શકશે. ઈશ્યમાં (૧) ૪ ૧૦,૦૪૦ મિલિયનના ઈક્વિટી શેરનો ફ્રેશ ઈછ્યું ''ફ્રેશ ઈશ્ય), જે દરેકની ફેસ વેલ્યુ ૧૦ છે અને **(i) Offer for Sale up to** ૧૧૮,૫૦૭,૪૯૩ **equity shares by** પ્રમોટર વિક્રેતા શેરધારકો અને ભારત સરકાર (**GoI**) વિક્રેતા શેરધારક દ્વારા ૧૧૮,૫૦૭,૪૯૩ ઈક્વિટી શેરના વેચાણની ઓફર ''વેચાણ માટેની ઓફર'') સામેલ છે.

કંપનીનો આશય ફ્રેશ ઈયૂમાંથી પ્રાપ્ત ચોખા ફંડનો ઉપયોગ આ માટે કરવાનો ઈરાદો ધરાવે છે (૧) ગોવાની સુવિધાના એક્વિઝિશનના આંશિક ફંડિંગ માટે; (૨) અમારી ચોક્સ લોનની પુનઃ ચુકવણી/આગોતરી ચુકવણી કરવા; અને (૩) સાધારણ કોર્પોરેટ ઉદ્દેશો માટે. આ વેચાણની ઓફર ઝુઆરી મેરોક ફોસ્ફટ્સ પ્રાઈવેટ લિમિટેડના ૬,૦૧૮,૪૯૩ ઈક્વિટી શેર અને ભારત સરકારના રસાયણ અને ખાતર મંત્રાલય તરફથી ભારતના રાષ્ટ્રપતિ ''પ્રમોટર વિક્રેતા શેરધારકો'' અને **GoI** વિક્રેતા શેરધારક) દ્વારા ૧૧૨,૪૮૯,૦૦૦ ઈક્વિટી શેર ધરાવે છે. આ ઓફરમાં પ્રસ્તુત ઈક્વિટી શેરનું લિસ્ટિંગ **BSE** લિમિટેડ (**"BSE**) અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમટેડ (**"NSE", BSE** સાથે સંયુક્તપણે, ''સ્ટોક એક્સચેન્જસ'') પર થશે.

૬૯.૧૭ પરિણામ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઓફ એચિવરના સ્મિત જીવરાજભાઈ ફેફર પણ ૬૦૦ ગુણ પ્રાપ્ત કરી આગળનુ સ્થાન પ્રાપ્ત કર્યુ છે. આ ઉપરાંત નગરની ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજના ઘ-૦ યુનિટ અંગ્રેજી માધ્યમની ધાર્મી મહેશભાઈ પટેલે પણ ૫૯૬ ગુણ મેળવી અંગ્રેજી માધ્યમમાં પ્રથમ સ્થાન મેળવ્યુ હતુ. જયારે અન્ય ૧૧૪ વિદ્યાર્થીઓ એ ટુ ગ્રેડમાં પાસ થયા છે. આ ઉપરાંત ૩૧૯ બી વનમાં ,૫૧૩ બી ટુ માં જયારે ૮૩૫ સી વનમાં ૯૩૪ નો સી ટુ ગ્રેડમાં સમાવેશ થયો છે. જયારે ૨૫૬ વિદ્યાર્થીઓને ડી ગ્રેડ પ્રાપ્ત થયો છે. ગાંધીનગર જિલ્લાનુ પરિણામ ૬૯.૩૯ ટકા રહ્યુ છે. જિલ્લામાં પરીમાં હાજરી આપનાર વિદ્યાર્થીઓ પૈકી ૧૩૨૨ ને સફળતા મળી નથી. જયારે ગાંધીનગર કેન્દ્રના પરિણામની વાત કરીએ તો ગાંધીનગર કેન્દ્રમાં ૩૧૭૮ વિદ્યાર્થીઓ નોંધાયા હતા જયારે આ પૈકી ૩૧૭૨ એ પરીક્ષા આપી હતી જયારે આ પૈકી ૨૧૯૪ વિદ્યાર્થીઓ પાસ થયા હતા જયારે ૯૮૪ વિદ્યાર્થીઓને પરીક્ષામાં સફળતા મળી ન હતી. જયારે ગાંધીનગર કેન્દ્રનુ પરિણામ ૬૯.૧૭ ટકા રહ્યુ હતુ. જયારે ચાંદખેડા કેન્દ્રમાં ૫૦૭ વિદ્યાર્થીઓ નોંધાયા હતા જેમાંથી ૫૦૬ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જેમાં ૩૩૪ વિદ્યાર્થીઓ ઉતિર્ણ થયા હતા અને ૧૭૩ને પરીક્ષામાં સફળતા મળી ન હતી. જયારે કેન્દ્રનુ પરિણામ ૬૬.૦૧ રહ્યુ હતુ. જયારે કલોલ કેન્દ્રમાં નોંધાયેલા ૪૮૭ વિદ્યાર્થીઓ પૈકી ૪૮૫એ પરીક્ષા આપી હતી. જેમાંથી ૩૫૫ વિદ્યાર્થીઓ પાસ થયા હતા જયારે ૧૩૨ને પરીક્ષામાં સફળતા મળી ન હતી. કલોલ કેન્દ્રનુ પરિણામ ૭૩.૨૦ ટકા આવ્યુ હતુ. જયારે માણસા કેન્દ્રમાં ૧૨૭ વિદ્યાર્થીઓ નોંધાયા હતા જેમાંથી ૧૨૭ વિદ્યાર્થીએ પરીક્ષામાં બેઠા હતા જયારે આ પૈકી ૯૪ વિદ્યાર્થીઓ સફળ થયા હતા જયારે ૩૩ ને સફળતા મળી ન હતી. માણસા કેન્દ્રનુ પરિણામ ૭૪. ૨ ટકા રહ્યુ હતુ. જિલ્લામાં સૌથી વધુ પરિણામ માણસા કેન્દ્રનુ રહ્યુ હતુ. જયારે ચાંદખેડા કેન્દ્રનુ સૌથી ઓછુ પરિણામ રહ્યુ હતુ.

હટાવી દેવાયા

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગોયલનો બીજો વિવાદ લખનૌના પોલીસ કમિશનર ડીકે ઠાકુર સાથે થયો હતો. ૫ સપ્ટેમ્બર, ૨૦૨૧ ના રોજ ડીજીપી તરીકે મુકુલ ગોયલ સમગ્ર લશ્કર સાથે હઝરતગંજ પોલીસ સ્ટેશન પહોંચી પોલીસ સ્ટેશનનું નિરીક્ષણ કર્યું અને નિરીક્ષણ દરમિયાન તેમણે ઈન્સ્પેક્ટર હઝરતગંજ શ્યામ બાબુ શુક્લાને હટાવવાનો આદેશ આપ્યો હતો. અચાનક મીડિયાની સામે ડીજીપીના આ આદેશથી પોલીસ કમિશનર ડીકે ઠાકુર પણ આશ્ચર્યચકિત થઈ ગયા હતા કારણ કે, ઈન્સ્પેક્ટર હઝરતગંજ શ્યામ બાબુ શુક્લા ઘણા દિવસોથી ડેન્ગ્યુથી પીડિત હતા ગંભીર હાલતમાં હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા હતા મુકુલ ગોયલને કહેવામાં આવ્યું હતું કે, ઈન્સ્પેક્ટર બીમાર હતા. ત્યારબાદ આ મામલો મુખ્યમંત્રી સુધી પહોંચ્યો હતો. આ પછી મુખ્યમંત્રીએ નિર્દેશ આપવો પડ્યો કે મુખ્યમંત્રી કાર્યાલય અથવા કોઈપણ વરિષ્ઠ અધિકારીએ કોઈપણ સેવકોને હટાવવા અથવા પોસ્ટિંગનો આદેશ નથી આપવાનો.

સર્વે ચાલુ રહેશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

સાથે જ આ કેસમાં વિલંબ થાય તે માટે મુસ્લિમ પક્ષ વતી આવી અરજી દાખલ કરવામાં આવી છે અને એડવોકેટ કમિશનરને બદલવાની માગણી કરવામાં આવી છે તેવો દાવો કરવામાં આવ્યો હતો.

વાદી પક્ષે બેરિકેડિંગની અંદર ભોંયરા સહિતના અન્ય ઉલ્લેખિત સ્થળોના નિરીક્ષણ માટે સ્પષ્ટ આદેશ કરવાની માગણી કરી છે. જ્યારે પ્રતિવાદી અંજુમન ઈંતજામિયા મસાજિદ તરફથી એડવોકેટ કમિશનર પર નિષ્પક્ષ ન હોવાનો આરોપ લગાવીને તેમની બદલી કરવાની માગણી કરવામાં આવી હતી. ફરિયાદી પક્ષના વકીલે કોર્ટને વિનંતી કરી હતી કે, જેમના પાસે ચાવી છે તેઓ જ્ઞાનવાપી મસ્જિદનું ભોંયરૂ ખોલાવે અથવા તાળું તોડે. આ સાથે જ મસ્જિદની અંદર કોર્ટ કમિશનને સર્વેક્ષણ માટે પ્રવેશની મંજૂરી મળવી જોઈએ તેવી માગણી પણ કરવામાં આવી હતી.

આ મામલે વિપક્ષી વકીલે એવી દલીલ કરી હતી કે, મસ્જિદ પરિસરની અંદર પ્રવેશ મેળવવો તે પૂજા સ્થળ અધિનિયમ ૧૯૯૧નું ઉલ્લંઘન છે. આ કારણે મસ્જિદની અંદર પ્રવેશ ન કરી શકાય.

ફરિયાદી પક્ષના વકીલના કહેવા પ્રમાણે કોર્ટે દેવી-દેવતાઓની સ્થિતિ જાણવા કહ્યું છે અને વિરોધીઓ કારણ વગરના તર્ક વચ્ચે લાવી રહ્યા છે.

સળિયા પાછળ

● અનુસંધાન પહેલાનું ચાલુ

હોસ્પિટલ પર પણ દરોડો પાડ્યો હતો.તે વખતે ઘણા મહત્વના દસ્તાવેજો ઈડીને મળ્યા હતા અને ૧૫૦ કરોડ રૂપિયાના રોકાણની જાણકારી મળી હોવાનુ કહેવાયુ હતુ. દરમિયાન જમીન સંપાદનના મામલાને લઈને ૨૦૧૭માં સુપ્રીમ કોર્ટમાં થયેલી પિટિશન બાદ ઝારખંડના માઈનિંગ સચિવ પૂજા સિંઘલ શંકાના ઘેરામાં હતા.

આ મામલામાં આરોપ છે કે, કઠોતિયા કોલ માઈન્સ માટે ૫૦૦ એકર જમીન સંપાદિત કરવામાં આવી હતી જયારરે સરકારે ૧૬૫ એકર જમીન ફાળવી હતી. ૮૨ એકરને બાદ કરતા બીજી જમીનને ઉજ્જડ ગણાવીને કંપનીને ફાળવી દેવામાં આવી હતી. આ મામલામાં પણ પૂજા સિંઘલ સામે તપાસ ચાલી રહી છે. દરમિયાન ઝારખંડ સરકારે પૂજા સિંઘલને તાત્કાલિક અરથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે.

રાનિલ

● અનુસંધાન પહેલાનું ચાલુ

કહ્યું કે શાસક શ્રીલંકા પોદુજાના પેરામુના (એસએલપીપી), મુખ્ય વિપક્ષ સામગી જન બાલવેગયા (એસજેબી) ના એક વિભાગ અને અ